નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ત્રણ વાનાં મુજને મળ્યાં, હૈયું,મસ્તકને હાથ..
બહુ દઇ દીધું નાથ ! જા; ચોથું નથી માગવું..!
- ઉમાશંકર જોશી

પાથેય

- રમેશ ઠક્કર

સંતોષનો મુદ્રાલેખ...

મહાનગરની ભીડમાં કોઇની સામે કોઇને જોવાની ફુરસદ પણ નથી હોતી..આજકાલ પાર્કિંગ એ જ મોટી પળોજણ છે..નગરના એક ભરચક વિસ્તારમાં હું મારા વાહનને ગોઠવવા મથામણ કરૂં છું..અચાનક મારી નજર એક તરવરતા ચહેરા ઉપર પડે છે...બાજુમાં જ એક દાતણ વેચવાવાળો યુવાન એના નાનકડા અસબાબ સાથે ઉભો છે..મારા પાર્કિંગથી એનો મુખ્ય સડક સાથેનો સંપર્ક બ્લોક થઇ જાય છે..મને મનોમન થોડીક ગીલ્ટ ફિલિંગ થઇ આવે છે..પણ એ અજાણ્યો જણના મુખ ઉપર મુસ્કુરાહટ છે..

મને એ સ્પર્શી જાય છે..હું થોડીવારમાં નિકળી જઇશ એવું કહું છું...ત્યાં એ સહજ ભાવે મને કહે છે..,'કશો વાંધો નહીં સાહેબ આ કયાં મારી જગ્યા છે...?' એની ઘરપત મને ઢંઢોળી જાય છે..થોડીક આત્મીયતા સાથે હું એની સાથે વાત કરૂં છું..અને એક હૃદયસ્પર્શી અનુભવ મળી જાય છે..

ચહલપહલથી લથબથ અને વાહનોથી ઉભરાતી બજારની સડકના એક છેડે એ દરરોજ સાંજે દાતણ વેચવા બેસે છે..એક મોટા પર્સમાં તાજાં દાતણનો સ્ટોક અને બાજુમાં ડીસ્પ્લે કરેલાં થોડાંક લીલાંછમ દેશી બાવળનાં દાતણ મને મારા શૈશવના જગત તરફ લઇ જાય છે... એક જમાનો હતો સવારની શરૂઆતમાં જ એની જરૂર પડતી..આજે કોણ કરતું હશે દાતણ? નવી પેઢીને તો કદાચ એની ખબર પણ નહી હોય..ઓટલે બેસીને દાતણ કરવાની પણ શું મજા હતી..!

મને નવાઇ લાગતી હતી..મેં પુછયું 'વેચાય છે ખરાં આ દાતણ ?' એણે સસ્મિત ચહેરે કહ્યું 'હા ખુબ જ...'

'એમ..? કેટલા લોકો લઇ જાય?'

'સાહેબ મારા રોજના નિયમિત ગ્રાહકો જ લગભગ ત્રણસો જેટલા છે..એ સિવાય પણ લોકો આવે..'

'કેટલું ભણ્યા છો ?'

'આઠ ધોરણ સુધી..સાંજે આ કામ કરૂં..સવારે નાની મોટી મજુરી કરી લઉં..કોઇ તકલીફ નથી..'

એના મુખ ઉપર ગજબનો આત્મવિશ્વાસ ઝળકતો હતો..ઉચ્ચ ડિગ્રીઓ અને અઢળક સુખસગવડો સાથે કામ શોધતા..કકળાટ કરતા..કામ છે જ કયાં ? એવી બૂમાબૂમ કરતા..હતાશા કે માયુસી અનુભવતા સાધન સંપન્ન પરિવારોનાં સંતાનો સામે, નાનકડા ગામનો..થોડુંક ભણેલો...એક આઉટડેટેડ ચીજને મહાનગરના મોટા માણસો વચ્ચે સ્વમાનભેર વેચવાની કળા હસ્તગત કરી આનંદિત રહેતો આ અજાણ્યો યુવાન આપણને જીવનનો કસબ શીખવી જતો હોય એવું નથી લાગતું ? સંતોષનો મુદ્રાલેખ અભાવો વચ્ચે અડીખમ રહેવાની હિંમતથી અવતરતો હોય છે..જે મળ્યું એનો જયજયકાર એ જ જીવન જીવવાની જડીબુટ્ટી હોય છે.

ભાજપએ લોકમાનસને સૂંઘી લેવાની સિક્સ્થ સેન્સ વિકસાવી છે

તંત્રીસ્થાનેથી...

વિધાનસભાના છેલ્લા સત્રને અંતે ધારાસભ્યોનું ફોટોસેશન યોજાયું રહ્યું છે જેનો વર્તમાન સત્રમાં વિનિયોગ થતાં ચૂંટણી જલદી આવી રહ્યાની શક્યતા બળવત્તર બની છે.જો કે ભાજપની નેતાગીરી કે સરકારનાં સૂત્રો તો ચૂંટણી નવેમ્બર-ડિસેમ્બરમાં જ, સત્ર પૂરું થયા પછી યોજાશે એવું કહેતા રહે છે. જ્યારથી રૂપાણી સરકારને સાગમટે સત્તા પરથી રાતોરાત ઉઠાડી મૂકી તદ્દન નવા સવા ધારાસભ્યોને મંત્રીપદાં સોંપાયાં અને પાટીદાર મુખ્યમંત્રી વાળી જોરશોરથી શરૂ થયેલી માગણી સંતોષવા ભૂપેન્દ્ર પટેલ જેવા સૌમ્ય, નિરુપદ્રવી 'ભગત' ધારાસભ્યને એમની કલ્પના બહાર આવડું મોટું પદ બઢાડી દેવાયું ત્યારથી ચૂંટણી વહેલી આવી રહ્યાના વરતારા તો શરૂ થઈ જ ગયા હતા. બજેટ પણ કોઈ પ્રકારના વધારાના કરબોજ વગરનું રજૂ થયું અને મતદાતાઓને પણ પ્રદેશ પ્રમુખ દ્વારા નવા કાર્યકર્તાઓને તક અપાશે એવી હૈયાધારણ અપાઈ એથી રૂપાણી - નીતિન પટેલ સરકારમાં સામેલ કોંગ્રેસમાંથી પલટાઈને આવેલા નેતાઓ સહિત ઉંમર વટાવી ચૂકેલા અને વારંવાર ચૂંટાઈ આવેલા અને સત્તાનો સ્વાદ ચાખી વર્ષોથી મંત્રી પદ પર અડિંગો જમાવી રાખનારા સિનિયર નેતાઓની સંભવિત બાદબાકીનો મેસેજ કે સંકેત વહેતો થયો હતો. આટલી પૂર્વતૈયારી ગંજીફો નવેસરથી ચીપી તદ્દન નવા વછેરાઓને મેદાનમાં ઉતારવાની પૂર્વભૂમિકા માટે પૂરતી જ ગણાય. બીજા કોઈ રાજયમાં પ્રસ્થાપિત વજૂદ વાળા ધારાસભ્યોની કારકિર્દી અધવચ્ચે બટકી નાખવાની હિંમત કેન્દ્રીય નેતાગીરી ભાગ્યે જ કરી શકી હોત. ગુજરાત એ મોદીનું ગૃહરાજય હોવાથી પ્રજામાનસમાં રાજયના મુખ્યમંત્રી કે મંત્રીઓનું વજૂદ રહ્યું નથી. મોદીઘેલું ગુજરાત તો વડાપ્રધાન બની ગયા છતાં મોદીને જ રાજયના શાસક માને છે અને એમાં લોકશાહીની વિડંબના જેવા સર્વસ્વીકૃત વાસ્તવિકતા પણ છે તે બાબત નકારી શકાય એમ નથી. ઉત્તરપ્રદેશ સહિત પંજાબ સિવાયનાં રાજયોમાં મળેલ સાનુકૂળ પરિણામો પછી સ્વાભાવિક રીતે જ ભાજપની નેતાગીરીને ગુજરાતમાં સત્તા ટકાવી રાખવા મુદ્દે ભારે આત્મવિશ્વાસ જાગ્યો છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે તો દોઢસો બેઠકો જીતીને માધવસિંહ સોલંકીનો વિક્રમ તોડવાનો સંકલ્પ કર્યો છે. એ શક્ય ન પણ બને પરંતુ પાર્ટી ગત ચૂંટણીની જેમ બે આંકડા અટકી ન જાય અને સોનો આંકડો વટાવે એવું તો સૌ કોઈ સ્વીકારતું થઈ ગયું છે. ભડકે બળતા પેટ્રોલ-ડીઝલ-રાંધણ ગેસના ભાવોથી લઈ બેકારી- બેરોજગારી અને બેફામ બની ગયેલી ગુનાખોરી જેવા મુદ્દા જરૂર છે, પણ પ્રજાને એ બધું જાણે કોઠે પડી ગયું છે. ખેડૂતો માટે ઓછું બજેટ ફાળવ્યું હોવાના વિજય હુમ્મરના બળાપાને ખુદ ખેડૂતો કેટલું વજૂદ આપસે તે પ્રશ્ન છે. જાતિગત સમીકરણો હલ કરવા માટે સત્તાધારી પાર્ટી પાસે સામ, દામ, દંડ, ભેદની કૂટનીતિ છે. સાધન શુદ્ધિ જેવી વાતો હવે જૂના જમાનાની થઈ ગઈ છે. પેપરો ફૂટતાં રહ્યાં છે અને ફૂટશે - એથી સરકારના પેટનું પાણી હાલવાનું નથી. ઊલટાના વડાપ્રધાન દિલ્હી બેઠાં બેઠાં 'પરીક્ષા પે ચર્ચા' જેવો વિષય છેડીને વિદ્યાર્થીઓને મન સાથે કનેક્ટ કરવાની તક પણ જવા દેતા નથી તે સૂચક છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં સૌથી નોંધપાત્ર મુદ્દો જે લોકમાનસમાં જડબેસલાક જડાઈ ગયેલ છે તે છે કોમી રમખાણો પર મોદી શાસન અને પ્રોકસી મોદી શાસનમાં સમયગાળામાં આવેલ નિયંત્રણ. લઘુમતી સમાજના મતદારોને અવગણીને હિંદુત્વના મુદ્દે, કાશ્મીર જેવા પ્રશ્ને કે 'કાશ્મીર ફાઈલ્સ' જેવી સત્યલક્ષી ફિલ્મના માધ્યમથી બહુમતી સમાજને અનુકૂળ હોવાની પ્રતીતિ કરાવવામાં ભાજપ સફળ રહ્યું છે. પ્રશાંત કિશોર જેવા રણનીતિકાર પણ ગાઈ વગાડીને કહેતા થયા છે કે આગામી ત્રીસ-પાંત્રીસ વર્ષ સુધી ભાજપ છવાયેલો રહેશે. આવા પ્રતિકૂળ સંજોગોમાં મુસ્લિમ પરસ્ત કોંગ્રેસ અને આપ કે તૃણમૂલ સહિતના પ્રાદેશિક પક્ષો મુંઝાઈ જાય તે સ્વાભાવિક છે. પાર્ટીમાં અને એના સર્વોચ્ચ નેતા નરેન્દ્ર મોદીમાં પ્રજાની અપેક્ષાઓ સૂંઘી લેવાની વિશિષ્ટ ઘ્રાણ શક્તિ છે.

પાઈલ્સ અને તેના ઉપચારો

પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

આમ તો દરેક રોગ કંટાળાજનક છે પણ પાઈલ્સ એક એવો રોગ છે કે જેમાં ખરેખર વ્યક્તિ કંટાળી જાય. ઉનાળામાં અમુક રોગો વધુ વકરે જેમાંનો એક રોગ છે પાઈલ્સ. આજે આપણે પાઈલ્સ થવાનું કારણ, તેના લક્ષણો અને તેની ચિકિત્સા વિષે માહિતી મેળવીએ.

પાઈલ્સ થવાના કારણોઃ

પાઈલ્સ થવાનું એક મુખ્ય કારણ એટલે કબજીયાત. જ્યારે કબજીયાત જેવા કારણોથી ગુદાના નીચેના ભાગમાંથી પસાર થતી રક્તવાહિની પર પ્રેશર આવે ત્યારે તે સોજીને ફૂલી જાય, આને જ આપણે પિલ્સ કહીએ છીએ. પાઈલ્સ ગુદાની અંદર પણ હોય અને બહાર પણ હોઈ શકે. વધારે પડતું તીખું તળેલું, ગરમ મસાલા વાળું ખાવાથી પણ પાઈલ્સ થવાની સંભાવના વધે છે.

પાઈલ્સના લક્ષણોઃ

- ગુદાની અંદર કે આસપાસ એક મસા જેવો ગઠ્ઠો જણાવો (ક્યારેક જો પાઈલ્સ ગુદાની અંદર હોય તો ખ્યાલ નથી આવતો)
- મળત્યાગ કર્યા પછી પણ પેટ ભરેલું હોય તેવું લાગવું
- ગુદાની આસપાસ ખંજવાળ અને થોડી બળતરા થવી
- બેસવામાં અનુકુળતા ના આવવી.
- મળત્યાગ કરતી વખતે દુખાવો કે બળતરા થવી
- ક્યારેક મળત્યાગ સમયે કે પછી લોહી પણ પડવું

પાઈલ્સની ચિકિત્સા

શું પાઈલ્સ મટી શકે?

જો ડાએટ અને લાઈફસ્ટાઈલમાં કંટ્રોલ રાખીએ અને કબજીયાત ન થાય તેની કાળજી રાખીએ તો પાઈલ્સ ચોક્કસ મટી શકે. ઘણા કિસ્સાઓમાં પાઈલ્સ પોતાની રીતે જ શાંત થઈ જતા હોય છે, પણ જો વારંવાર આવો પ્રોબ્લેમ થાય તો તેની સારવાર જરૂરી છે.

જો પાઈલ્સ શરૂઆતના તબક્કામાં હોય તો તેને આયુર્વેદિક દવાઓથી મટાડી શકાય. આયુર્વેદિક ઔષધો જેવાકે શતાવરી, ગોખરું, જેઠીમધ, વરીયાળી, હરડે, સુરણ, આમળા આદિ પાઈલ્સ માટે અસરકારક છે. પાઈલ્સ માટે છાશ ખુબ હિતકર છે. આ ઉપરાંત પાઈલ્સનો સોજો ઓછો કરવા માટે ત્રિફળાના હુંફાળા પાણીમાં બેસવાનું રાખવું.

જો પાઈલ્સ વધી ગયા હોય અને ખૂબ કનાદાતા હોય તો દવાઓ પછીનો બીજો વિકલ્પ સર્જરી છે. એલોપેથીમાં અને આયુર્વેદમાં બંનેમાં સર્જરીના વિકલ્પો છે. આયુર્વેદની ક્ષાર સૂત્ર સર્જરી ખૂબ અસરકારક છે. આ માટે નિષ્ણાત વૈદ્યની સલાહ લઈ શકાય.

(M) 9879471147

હે મનાવી તને માનવ થવા પૃથ્વી ઉપર છોડ્યો તો

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

સુન્દરમ સાહેબનું લખેલું એક અદભૂત કાવ્ય છે, એમાંની બે પંક્તિઓ, ''હું માનવી, માનવ થાઉં તો ઘણું'' મને વધારે ગમે છે. માનવ તરીકે આપણે જનમ તો લઈ લીધો પણ ખરેખર એક માનવીને છાજે એવું આપણે જીવીએ છીએ ખરા કે પછી બીજાની દેખાદેખીમાં બધું હંઈસો હંઈસો...

આજે તમારી આસપાસની દુનિયામાં શું ચાલી રહ્યું છે એ જોવું હોય તો ઓનલાઈન આવવું પડે. એમાંય જો તમે ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર રિલ્સ જોવાના શોખીન હો તો ક્યારેક તમને પણ આવો, મારા જેવો જ વિચાર આવી જતો હશે. લોકો માનવતાની, એકબીજાને મદદ કરવાની વાતો ખૂબ પસંદ કરે છે, એને તરત શેર કરીને આગળ પહોંચાડે છે અને પછી ભૂલી જાય છે. જ્યાં સાચે જ મદદની જરૂર હોય ત્યાં મદદ કરવા કરતાં લોકોને વિડિયો બનાવવાની વધારે ચળ ઉપડે છે. બીજાની છોડો, તમને પોતાને મદદની જરૂર આવી પડે ત્યારે તમારી પાસે કોણ આવીને ઊભું રહેવાનું એ ચકાસવાનો અખતરો કરવા જેવો છે. રામ જાણે કેટલા ભરમ ભાંગીને ભુક્કો થઈ જશે.

એક વખત એક દુકાનદારે સેલ્સ ગર્લ તરીકે એક નવી છોકરીને નોકરી પર રાખેલી. છોકરી સરસ રીતે એનું કામ કરી લેતી હતી. કોઈ વાતે એને કહેવું ના પડે. દુકાનદારે જોયું કે છોકરી પાસે ફક્ત બે જ ડ્રેસ હતા જે એ રોજ બદલીને પહેરતી. એ ભાઈને એમ કે મારો કપડાં વેચવાનો ધંધો છે ત્યારે મારે ત્યાં જ કામ કરતી એક બેન/દીકરી ઘસાઈ ગયેલા કપડાં પહેરીને આવે એ સારું નથી લાગતું. એમણે નવો સ્ટોક આવ્યો એમાંથી ત્રણ જોડી નવા ડ્રેસ કાઢીને એ છોકરીને આપ્યા. છોકરીએ કપડાં રાખી લીધા. થોડા દિવસ બાદ છોકરીની મમ્મી બિમાર પડી. છોકરી રોજ બપોરે ગ્રાહક ના હોય ત્યારે ઘરે ફોન કરતી અને એની મમ્મીની તબિયતના ખબર પૂછતી. દુકાનદારે સહેજ અમથું પૂછ્યું કે, શું થયું? ત્યાં તો માથે આભ ફાટ્યું હોય એમ એ છોકરી રડી પડી. એની મમ્મી સખત બિમાર હતી અને એને તાત્કાલિક સારવારની જરૂર હતી. ફરી એ ભાઈને દયા આવી ગઈ અને માનવતાને નાતે એમણે એ છોકરીને થોડા રૂપિયા આપી મદદ કરી.

લગભગ બે મહિના પછીની એક સાંજે દુકાનદારને હિસાબમાં સહેજ વહેમ પડ્યો. ઝીણવટથી તપાસ કરતા ખબર પડી કે અમુક ડ્રેસ દુકાનમાંથી ગાયબ હતાં. થોડુક ધ્યાન આપતા દુકાનદારે જોયું કે બપોરે જ્યારે એ જમવા માટે ઘરે ગયા હોય ત્યારે પેલી છોકરી, જેની ઉપર આ ભાઈને પૂરો વિશ્વાસ હતો, એ બિલ બનાવ્યા વગર ઓછી કિંમત લઈને ગ્રાહકને ડ્રેસ આપી દેતી હતી અને એ રૂપિયા પછી એના પર્સમાં જમાં થઈ જતાં હતાં. એ ભાઈને બિચારાને એટેક આવતા આવતા સહેજમાં રહી ગયો. એને સમજાયું જ નહીં કે પોતે જેની ઉપર આટલો ભરોસો મૂક્યો હતો, જેની આટલી મદદ કરી હતી એણે જ આ દગો કેમ કર્યો.

હજી મારી વાત પૂરી નથી થઈ. આટલું થયા બાદ, બધું જાણી લીધા બાદ પણ એ દુકાનદારની હિંમત નથી થતી કે એ પેલી છોકરીને નોકરીમાંથી કાઢી મેલે. કેમ? કેમ કે એ સાચે જ ગરીબ છે. કેમ કે એની મા સાચે જ બિમાર છે. કેમ કે દુકાનદાર જાણે છે કે એ છોકરીને રૂપિયાની સખત જરૂર છે. દુકાનદારે છોકરીને નોકરી પર રહેવા દીધી અને ઘરે જમવા જવાને બદલે ટિફિન લઈને આવવાનું ચાલુ કર્યું. થોડાક દિવસો બાદ એ છોકરીએ જાતે નોકરી છોડી દીધી, એને બીજા કોઈ મોટા સ્ટોરમાં નોકરી મળી ગઈ હતી. દુકાનદાર હવે ખુશ થયો.

એ ખુશ કેમ થયો એ તમે સમજી શકો એમ છો તો તમારે વધારે ચિંતા કરવાની જરૂર નથી. તમારામાં હજી માણસાઈ, માનવતા વગેરે બચ્યું છે એ પાક્કું. કોઈક પોતાને છેતરી જાય એ માણસને જરાય નથી ગમતું. એમાંય આપણે જેના ઉપર વિશ્વાસ મૂક્યો હોય, જેની મદદ કરી હોય એ માણસ દગો કરે ત્યારે ખૂબ લાગી આવે છે. આ બધા દુઃખી થવાના કારણ છે એ ખરું પણ એનાથીય વધારે દુઃખ ત્યારે થાય છે જ્યારે તમને ખબર હોય કે સામેવાળી વ્યક્તિ તમને છેતરી રહી છે અને બધું જ જાણવા છતાં તમે એને કંઈ કહી નથી શકતા. તમારી પાસે એને કાઢી મૂકવા માટેના હજાર બહાના છે પણ તમારું દિલ કહે છે કે જવા દે એને વધારે જરૂર છે. તમારા દિલના એ એક બહાના આગળ તમારી બુદ્ધિ બહેર મારી જાય છે અને સમજણ ખીલી ઊઠે છે. તમે પોતે થોડુંક નુકશાન વેઠીને પણ બીજાનું સારું વિચારી શકો, એક એવા માણસનું સારું જે તમારી જ પિંઠ પાછળ ખંજર ભોંકી રહ્યો હોય, તો હું કહું આ દુનિયા તમારા જેવા માણસોને લીધે જ હજી ટકી છે. બધામાં આવી સમજણ કે પીડા સહન કરવાની શક્તિ નથી હોતી.

એક છોકરો યુટયુબ ઉપર વિડિયો બનાવીને મૂકે છે. ઠીક ઠીક કહી શકાય એવા વીડિયોને માંડ ચાર લાઈક્સ મળે છે. એકવાર એણે એની નવી પરણીને આવેલી પત્ની સાથેનો વિડિયો શેર કર્યો. પચાસ લાઈક્સ મળી. ફરીથી એણે પત્નીને ગાલે ચુંબન કરતો વિડિયો બનાવ્યો અને શેર કર્યો, જિંદગીમાં પહેલી વાર એને પાંચસો લાઈક્સ મળી. એ પછી બે હજાર લોકોએ એનો વિડિયો પસંદ કર્યો, એ એની પત્નીના હોઠ પર ચુંબન કરી રહ્યો હતો. હવે એના વીડિયોને હજારો લોકો જુએ છે, એ શું બતાવે છે એ જણાવવા જેવું નથી. એ છોકરાની પત્ની બિચારી વાજ આવી ગઈ છે. એણે કેટલીય વખત એના ધણીને સમજાવ્યો કે આ બધું સારું નથી, નથી ગમતું, શરમ આવે છે. જવાબમાં એને તમાચો ખાવો પડે છે. લોકો આગળ પત્ની ભક્ત, અખંડ પ્રેમી હોવાના નાટક કરતા વિડિયો બનાવનાર હકીકતે રોજ એની પત્ની પર હાથ ઉઠાવે છે અને શારીરિક તેમજ માનસિક અત્યાચાર ગુજારે છે. એની પત્નીએ એને છોડી દીધો ત્યારે આખી દુનિયાએ છોકરાનું ઉપરાણું લીધું. બધાની નજરમાં એ હીરો છે અને પત્ની વિલન.

ઉપરના કેસમાં માન્યું કે છોકરાને કોઈ ફાલતુ મતલબ હશે એટલે એણે એવા વિડિયો બનાવ્યા પણ એમાં બીજાએ એને હીરો બનાવી દેવાની શું જરૂર પડી ગઈ? એમાંના કોઈ એક ને પણ એ પત્નીની બાજુએથી વિચારવાનું મન નહીં થયું હોય?

માનવ તરીકે આપણે બીજા તો ઠીક જો આપણા જ મનની વાત ના સમજી શકીએ તો પછી ધૂળ પડી આ જીવતરમાં.

અમસ્તું,

એક સવારે તમે ઉઠો અને તમારી જાતને મોબાઈલમાં કેદ થઈ ગયેલી જુઓ તો - માર્ચ મહિનો પૂરો થવા આવે ત્યારે કામના ભારણ તળે આવા જ વિચારો આવે છે!

@KaladiaNiyati

'ઘણુંક ઘણું ભાંગવું, ઘણ ઉઠાવ મારી ભુજા'

લાગણીનો મેળો
રસિક વાળંદ

જોગી કરહણિયો ને ભડ અરજણિયો ઈ બે થાય જયાં ભેળા
મારું દલડું તો ઈમ શાખ્ય પૂરે સે તિંયા દા'ડી ઉડે ઝી ચેળા.
(ગામઠી ગીતા)

●●●

રાજયના શિક્ષણ વિભાગે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ મુજબ શાળા શિક્ષણમાં ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પ્રણાલિનો સમાવેશ કરવાનું ઠરાવ્યું, જે અંતર્ગત ધોરણ ૬ થી ૧૨ માં શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સમાવિષ્ટ મૂલ્યો અને સિદ્ધાંતો બાળકની વય-કક્ષા મુજબ સમજ અને રસ પડે એ રીતે પ્રાદેશિક ભાષામાં તેનો ઉત્તમ પરિચય કરાવવાનું જાહેર કર્યું છે. જે ખરેખર ઉમદા અને સરાહનીય સ્તુત્ય કદમ છે!

દોસ્તો, શ્રીમદ્ ભગવત ગીતાના પાઠ વિશ્વના કેટલાયે દેશો અને આ નવી પેઢીને શીખવી રહ્યા છે, ગીતા એ વૈશ્વિક ગ્રંથ છે. વાસ્તવમાં એ તત્ત્વજ્ઞાનનો એક અમૂલ્યગ્રંથ છે. 'શ્રીમદ્' એટલે સંપન્નતા વધારનારી અને ભગવદ્ગીતા એટલે ભગવાને ગાયેલી.

'Gita is not Bible of Hinduism but it is the Bible of Humanity'

આ ભારતીય ગૌરવ ગ્રંથ તો વિશ્વધર્મ ગ્રંથ છે! જે ઋષિઓ, વિચારકો, સાહિત્યકારો, વિદ્વાનો અને ઈતિહાસકારોને મનભાવન થઈ છે.

ફારસી વિદ્વાન અને અભ્યાસુ દારા શિકોહને ગીતા એક આનંદદાયીની કૃતિ લાગી, તેમજ મહર્ષિ વેદવ્યાસને 'વિલક્ષણ મનુષ્યોમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાની' તરીકે બિરદાવ્યા. ઈંગ્લેન્ડના ૧૯મી સદીના પ્રસિદ્ધ ઈતિહાસકાર, નિબંધકાર અને તત્ત્વચિંતક ટોમસ કાર્લાઈલને કવિ ઈમર્સને 'ગીતા' ભેટ રુપે આપતાં કહ્યું, 'હું ભગવદ્ગીતામાંથી સ્ફૂર્તિ મેળવું છું.' વોરન હેસ્ટિંગ્સ 'ગીતા' થી ખૂબ પ્રભાવિત હતા. એમણે નોંધ્યું કે, 'કોઈ પણ જાતિને ઉન્નતિને શિખરે પહોંચાડવા માટે ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે.'

ડો. આર્નોલ્ડ ટોયમ્બીએ કહ્યું કે જો મને એક જ પુસ્તક રાખવાનું કહેવામાં આવે તો હું શ્રીમદ્ ભગવદ્ગીતા રાખું.

ગાંધીએ ગીતા જ્ઞાન પચાવ્યું હતું એ જાણી મહાત્મા તોલ્સ્તોયે સ્વયં ગીતાનું અધ્યન આદર્યું ને 'આધ્યાત્મિક આનંદનો લ્હાવો મળ્યા' નો એકરાર કર્યો હતો. આ એક એવો ગ્રંથ છે જે કોઈ જાતિ, વર્ણ કે ધર્મ વિશેષ ને બદલે સમગ્ર મનુષ્ય - જાતિને ઉપયોગી થઈ શકે તેમ છે - આવા ઉદ્ગારો વિશ્વના વિચારકો અને ચિંતકો, શાસકો અને સાધનોના છે.

મિત્રો, બે-બે વિશ્વયુદ્ધોની વિભિષિકા વેઠનારી વીસમી સદી માનવજાત માટે સાચે જ વસમી પુરવાર થઈ હતી. આ એકવીસમી સદી પણ એક વસમી સદી જ પુરવાર થવા બેઠી છે, એક એકથી ચઢિયાતી સમસ્યાઓ મોં ફાડીને ઊભી છે. આતંકવાદજ, પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ, ઉપભોક્તાવાદ આ મહાસમસ્યાઓ સામે માનવ ઝઝૂમી રહ્યો છે, એનું સહજ સ્વભાવિક જીવન નંદવાઈ ગયું છે, આમે જોઈએ તો પ્રત્યેક મનુષ્ય વિષાદયોગમાં સરી પડ્યો છે. મહાભારતકાળનો અર્જુન આપણો જ પ્રતિનિધિ છે, અર્જુન ભાગ્યશાળી હતો એની પાસે સખા યોગેશ્વર કૃષ્ણ હતા. આપણો વિષાદ ભયજનિત છે. જયારે અર્જુન મહાભારતના યુદ્ધથી ડર્યો ન હોતો પરંતુ હૃદયદૌર્બલ્યનો શિકાર બન્યો હતો.

'ક્ષુદ્રં હૃદય દૌર્બલ્ય ત્યક્તોત્તિષ્ઠા પરંતપઃ' - યોગેશ્વર શ્રીકૃષ્ણનો આ ચેતનમંત્રનો ગુંજતો કરવાનો છે. હું અસહાય છું, મારાથી કશું થઈ શકે એમ જ નથી! - ઈ રોગીષ્ઠ - પાપમય માનસિકતામાંથી બહાર આવવાનું છે. પ્રૌઢ, વિચક્ષણ મંત્રી જાંબુવાને હનુમાનજીને અસાલિયતની ઓળખ કરાવી ને 'જયશ્રીરામ' કરીને અશક્યવત્ એવું સમુદ્ર લંઘનનું કાર્ય સિદ્ધ કરાવ્યું ને બાળકોમાં રહેલું હનુમાનત્વ (હનુમાનચેતના) ને જાગ્રત કરવાનું છે. આપણે તો 'અમૃતસ્ય પુત્રાઃ' આની સભાનતા જગાવવાની છે, કવિ સુંદરમ્‌ની પંક્તિ યાદ આવે,

'ઘણુંક ઘણું ભાંગવું,
ઘણ ઉઠાવ મારી ભુજા.'

આજે વાલ્મિકી, વેદવ્યાસ કે કાલિદાસને યાદ કરીએ છીએ,અરે, કેવટ, કેલલવ્ય, શબરી, અહલ્યાને સંભારીએ છીએ કારણ તેઓ સમયના સત્યને સમજી ચૂક્યા હતા. આપણે સમયનો સાદ નહીં સમજીએ કે નહીં સાંભળીએ તો અનંદકાળ પ્રવાહમાં આપણે પરપોટાની જેમ વિલિન થઈ જઈશું. ભગવદ્ ગીતા 'સ્વધર્મ' શીખવે છે.

એક ભાવગીતમાં ગવાયું છે; -

'અસ્મિતા પ્રગટાવી માનવીના ચિત્તમાં;
ચેતન પૂરે છે એ જીવન - સંગીતમાં !
મોહનનું ગીત એ મહાન છે !
(એ તો) માની મમતાનું પયપાન છે!'

સ્મર્શમણિ :

ગીતાની દૃષ્ટિએ વિદ્યાર્થી શિક્ષકપરાયણ, શિક્ષક વિદ્યાર્થી - પરાયણ, બંને જ્ઞાનપરાયણ, જ્ઞાન સેવા પરાયણ અને સેવા પ્રભુ પરાયણ હોવી જોઈએ.

- પૂ. દાદા.

●●●

શબ્દ અને નજરનો ઉપયોગ બહુ જ સાવચેતીથી કરવો, દોસ્તો.... એ આપણા ઉછેર અને સંસ્કારનું બહું મોટું પ્રમાણપત્ર છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

દિન મહિમા

- ગુરુ અંગદદેવ, દ્વિતીય શીખ ગુરુની જન્મજયંતિ.
- આઈઝેક ન્યુટનની પુણ્યતિથિ, ભૌતિક વિજ્ઞાની અને ગણિતજ્ઞ
- મીનાકુમારીની પુણ્યતિથિ, ચલચિત્ર અભિનેત્રી.
- ૧૮૮૯માં આજ દિવસે જગવિખ્યાત, એફિલ ટાવરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આજનું

ઔષધ

- ગરોળી કરડે તો સરસીયું તેલ અને રાખ મેળવીને ચોપડવાથી ઝેર મટે છે.

ખડખડાટ

- જજ : તે તારી પત્નીને ૧૦ વર્ષથી ડરાવી, ધમકાવીને દાબમાં રાખી છે ? છગન : સાહેબ એમાં વાત એવી છે કે... જજ : મારે તારી કોઈ જ સફાઈ નથી સાંભળવી રીત શિખવાડ.

આજનો

વોટ્સએપ

- જેટલું સપનું મોટું એટલી જ મોટી તકલીફ હશે અને જેટલી મોટી તકલીફ એટલી જ મોટી સફળતા હશે.